સરડોઈમાં સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સેમિનાર યોજાયો : તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ

મોડાસા તાલુકાના સરડોઈ ગામે ધો.૫ થી ૧૨ અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓના ઘડતરની સાથે જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષા અંગે વિષય તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. નવનિયુક્ત શ્રી જય ભીમ યુવક મંડળ સરડોઈ દ્વારા સેમીનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.જેમા મુકેશ પરમાર ફાઉન્ડર મે.ડાયરેક્ટર (સક્સેસ રીસર્ચ ફાઉન્ડેશન ઈન્ડીયા) ડાયરેક્ટર જન કલ્યાણ ટ્રસ્ટ- મોડાસા,અરવલ્લી) તેમજ શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર અને ધોળકા હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી મુકેશભાઈ રાજવીર,મેહુલ કુમાર કે પ્રણામી (આસી.ઈજનેર,એમ.જી.વી. સી. એલ), વસંત બારોટ (એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ) અમૃતભાઈ કે પ્રણામી ડે.સરપંચ સહિત આમંત્રિતોએ ઉપસ્થિત રહી જીવન ઘડત, અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ વચ્ચે પણ કેવી રીતે અભ્યાસમાં સારૂ પરિણામ લાવી શકાય તે વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે શોષિત અને વંછીતો ના મસીહા, યુગ પુરૂષ બાબા સાહેબ આંબેડકરનું જીવન,શૈક્ષણિક વિચારો કઈ રીતે વિદ્યાર્થી જીવનમ અને સમાજના વિકાસમાં ઉપયોગી થાય તે વિશે વિશેષ માહિતી આપવામાં આવી હતી. છેલ્લે મુકેશ પરમાર તેમજ ટીમ વતીથી"યુગપુરુષ ડો. બાબાસાહેબ શ્રેષ્ઠ વાતો ભાગ - ૧ પુસ્તક દરેક વિદ્યાર્થીઓને વિના મૂલ્યે અર્પણ કરવામાં આવી હતી.ગામમાં સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સેમીનારનું સફળતા પૂર્વક આયોજન કરવા બદલ ભીમ યુવક મંડળ - સરડોઈના પ્રમુખ ગૌતમ સોલંકી , ઉપ પ્રમુખ પ્રેમકુમાર પરમાર,મંત્રી જીતુભાઈ પ્રણામી,સહમંત્રી રાજુભાઈ રાઠોડ અને આંતરીક ઓડિટર કનુભાઈ પ્રિયદર્શીનો વિદ્યાર્થીઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

ભિલોડા તાલુકા પંચાયત સદસ્યો અને કોંગ્રેસી આગેવાનો દ્વારા આવેદનપત્ર મામલતદાર કચેરીમાં અપાયું

તલાટી કમ મંત્રીઓના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા સંદર્ભે ભિલોડા તાલુકા પંચાયત સદસ્યો અને કોંગ્રેસી આગેવાનો ધ્વારા આવેદનપત્ર મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર સંજયભાઈ પટેલને અપાયું હતું. ભિલોડા તાલુકા પંચાયત,વિપક્ષના નેતા,અનિલભાઈ હડુલા,કાંતીલાલ ખરાડી,કાલીચરણ હોથા,જયેશભાઈ ઠાકોર સહિત તાલુકા પંચાયત સદસ્યો અને જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્રભાઈ પારધી,કાંતિભાઈ હોથા, સતિષભાઈ પટેલ,ધાર્મિકભાઈ ચૌધરી સહિત કોંગ્રેસી આગેવાનોએ લેખિત આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, અચોક્કસ મુદતથી તલાટી કમ મંત્રીઓ હડતાલ પર ઉતર્યા છે. ભિલોડા તાલુકા પંચાયત અને ગામડાઓની ગ્રામ પંચાયતોની કામગીરીમાં ધીમે-ધીમે અસર વર્તાવા લાગી છે.ભિલોડા તાલુકાનો મોટા ભાગનો વિસ્તાર મોટા ભાગે છુટો છવાયો અંતરિયાળ ટ્રાઈબલ વિસ્તાર છે. પ્રજાજનોને વિવિધ કામકાજમાં અડચણો ઉભી થઈ ગઈ છે.તલાટી કમ મંત્રીઓની વિવિધ માંગણીઓ સત્વરે ઉકેલ આવે તે સંદર્ભે ન્યાયિક રજુઆત અને આવેદનપત્ર અપાયું હતું.

પાલનપુરમાં ખાખરા બનાવવા લોટ આપીને પરત આવતી મહિલાના ગળામાંથી ચેનની તફડંચી

પાલનપુર કોલેજ કંમ્પાઉન્ડ વિસ્તારમાં શનિવારે સાંજે એક મહિલા ખાખરા બનાવવા માટે લોટ આપીને પસાર થઈ રહી હતી. ત્યારે અજાણ્યો શખ્સ તેણીના ગળામાં પહેરેલી રૂપિયા ૬૫૦૦૦ની સોનાની ચેઈન તફડાવી નાસી ગયો હતો. પાલનપુર જુની કોલેજ કંમ્પાઉન્ડ વિસ્તારમાં રહેતા સુરેખાબેન સુરેશભાઈ શાહ શનિવારે સાંજે તેમના ઘરેથી ખાખરા બનાવવા માટેનો લોટ બે મકાન દુર આવેલા રંગુબેનના ઘરે આપીને પરત આવી રહ્યા હતા. ત્યારે જુની કોલેજ કંમ્પાઉન્ડ ચોકડી નજીક અજાણ્યો શખ્સ તેમના ગળામાં પહેરેલી રૂપિયા ૬૫,૦૦૦ની સોનાની અઢી તોલાની ચેઈન તફડાવી નાસી છુટ્યો હતો. આ અંગે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સ સામે ગૂનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા-પોશીના પંથકમાં જમીનમાંથી કુદરતી પાણીના ઝરા ફૂટયા : હેન્ડપંપોમાં સ્વયંભૂ પાણી ઉપર આવ્યું

પીવાના પાણીની સમસ્યાથી વર્ષોથી પીડાતા ખેડબ્રહ્મા અને પોશીના પંથકમાં કુદરત ચોમાસામાં રીજી છે. વરસાદના અપાર હેતથી ધરતી તૃપ્ત થયા પછી ગ્રામ્ય વિસ્તારોમાં કુદરતી પાણીના ઝરા આપોઆપ ફૂટ્યા છે. હેન્ડપંપમાં પ્રયત્ન વગર ધરતીના પેટાળમાંથી પાણી સ્વયંભૂ ઉપર આવતાં પ્રજામાં હરખ છવાયો છે. ઉંડા ગયેલા કૂવાઓમાં ભૂગર્ભ જળસ્તરમાંથી પાણીનું વહેણ શરુ થતાં અસંખ્ય કૂવા ઉભરાય તેવી સ્થિતિ છે. ઉનાળાના કારમા દિવસોમાં ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં પાણી પાણીના પોકારો પડવા લાગ્યા હતા. મહિલાઓ પાણીના એક બેડા માટે ૩થી ૪ કિ.મી. દૂર સીમાડાઓમાં ભટકતી હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. પાણી માટે મૂંગપશુધન વલખાં મારતું હતું પરંતુ કુદરતે ઓણસાલ ચોમાસામાં વરસાદના રૂપમાં અપાર હેત વરસાવી દીધું છે જેના કારણે ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાની ધરતી ધોધમાર વરસાદથી તરબતર થઈ છે. જે વિસ્તારોમાં હેન્ડપંપ પાણી છોડવા લાગ્યા હતા ત્યાં આપો આપ પાણી બહાર આવતું જોવા મળી રહ્યું છે. ધરતીના પેટાળમાં ભૂગર્ભ જળસ્તર ઉંડે જતાં બોરકૂવામાંથી પાણી મેળવવું પ્રજા માટે મુશ્કેલ બની ગયું હતું ત્યાં આજે ધોધમાર વરસાદના કારણે ધરતીમાંથી કુદરતી પાણીના ઝરા ફૂટતાં પ્રજામાં મલકાટ જોવા મળી રહ્યો છે. કારમાં ઉનાળામાં પાણીની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં વહીવટી તંત્ર સંપૂર્ણ નિષ્ફળ રહ્યું હતું પરંતુ આખરે કુદરતે પ્રજાની અરજ સાંભળી હોય તેમ બંને તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદના કારણે તરસી ધરતી સંપૂર્ણ તૃપ્ત થઈ હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ખેડબ્રહ્મા તાલુકાના ચિતરડી, ધરોઈ, ઝાંઝવા, પાંણાઈ અને પોશીના તાલુકાના વીરાફળો, કોટડા, ડેમતી, દોડ, ગણવા, માલવણ, જાંબુડી, ખારાકૂવા અને દલસર સહિતના વિસ્તારોમાં ધરતી જળતરબોડ થઈ જતાં કુદરતી પાણીના ઝરા ફૂટવાની સાથે હેન્ડપંપોમાં આપો આપ પાણી વહેતું થયું છે. ગ્રામ્ય વિસ્તારના કૂવા પણ પાણીથી તરબોડ થયાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

૯ વર્ષથી મગર વસાહત જાહેર કરી પરંતુ સુવિધાના નામે મીંડું

ડાભા નજીક વાત્રક નદીના પટમાં ૧૩ મગરનો વસવાટ: વાહન નીચે કચડાઈ જતાં અત્યાર સુધીમાં ૨ નાં મોત

૧ ની હત્યા પ્રજા-માલધારીઓની સલામતી સંપૂર્ણપણે ભૂલાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨

બાયડ તાલુકાના ડાભા નજીક વાત્રક નદીના પટમાં ચમારપુર ગામ સુધીના ૫ કિમી પટ્ટામાં ૧૩ મગર વસવાટ કરી રહ્યા છે. વન વિભાગે મગર વસાહત જાહેર કર્યાના ૯ વર્ષ પછી પણ સુવિધાના નામે મીંડું છે. પ્રજા, ખેડૂત અને માલધારીઓની સલામતી સંપૂર્ણપણે ભૂલાઈ છે. મહિના અગાઉ મોટા વાહન નીચે કચડાઈ જવાથી વધુ એક મગરનું મોત નિપજ્યાં છે છતાં પણ તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવું દેખાય છે.દ

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં વન વિભાગની કામગીરી હંમેશાં શંકાના દાયરામાં રહી છે. લીલા વૃક્ષોનું સરેઆમ નિકંદન થતું હોવા છતાં તંત્ર એકબીજાને ખો આપી રહ્યું છે. વર્ષ-૨૦૧૨-૧૩માં બાયડ તાલુકાના ડાભા, અલાણા, રમાસ સહિતના વિસ્તારમાં નાનાં મગરનાં બચ્ચાં મળી આવ્યા પછી કુતુહલ જોવા મળ્યું. ત્યાર પછી નદીના પટમાં અનેકવાર મગરનાં બચ્ચાં જોવા મળ્યાં. સમય જતાં વિશાળ મગર ડાભા ગામના સીમાડામાં જોવા મળ્યો અને ત્યારબાદ વન વિભાગે ડાભા ગામ નજીક વાત્રક નદી ઉપર બનાવવામાં આવેલા ચેકડેમથી ઉત્તર દીશા તરફના ૪ થી ૫ કિમી વિસ્તારને મગર વસાહત તરીકે જાહેર કર્યો છે. નદી પટમાં ૧૩ થી વધુ મગરની વસાહત હોવાનું અનુમાન છે. અત્યાર સુધીમાં રોડ ઉપર આવી ગયેલા મગર મોટા વાહનની હડફેટે આવતાં ૨ નાં મોત નિપજ્યાં છે. જ્યારે બાયડ તાલુકાના ચમારપુર નજીક વર્ષ અગાઉ કોઈએ મગરની કરપીણ હત્યા કર્યાની ચકચારી ઘટના પ્રકાશમાં આવ્યા પછી સાબરકાંઠા અને ગાંધીનગર વન વિભાગે માત્ર તપાસનું નાળચું ઉંચુ કરી બનાવનો સંકેલો કરી લીધો હતો. ડાભા નજીક મગર વસાહતના બોર્ડ લગાવવામાં આવ્યા તે પણ ૪-૫ વર્ષથી અદ્રશ્ય છે. ભૂતકાળમાં ચેકડેમમાં દેખાયેલા મગર બકરાં સહિતના પ્રાણીઓ ઉપર હુમલા કર્યાની ઘટના પણ નોંધાયેલી છે છતાં વન વિભાગે કોઈ યોગ્ય કાર્યવાહી આજદિન સુધી કરી નથી. મગર વસાહત હોવાનું ગૌરવ લઈ શકાય પરંતુ જ્યારે આવાં જળચર પ્રાણીઓ કોઈના ઉપર હુમલો કરે કાં તો માર્ગ ઉપર આવી વાહનોની અડફેટમાં મોતને ભેટે ત્યારે તંત્રની બેદરકારી ઉજાગર થતી હોય છે.

પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ કોંગ્રેસને બાય-બાય કરી કેસરિયો ધારણ કર્યો

૧૨૫ જેટલા કાર્યકરો સર્મથકો સાથે ભાજપમા જોડાયા : માર્કેટયાર્ડ થી ડી.જે સાથે વાજતે-ગાજતે સર્મથકો સાથે કમલમ પોહચ્યા : કમલમ ખાતે ઢોલનગારા સાથે પૂર્વ ધારાસભ્ય સભ્ય સહિત સાથી કાર્યકરોનુ સ્વાગત : ૨૪ વર્ષે કોગ્રેસ ને બાય-બાય કરી કેસરિયો ખેસ ધારણ કર્યો

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તલોદ ના કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ૨૪ વર્ષ બાદ કોંગ્રેસ ને બાય-બાય કરી કોંગ્રેસ કાર્યકરો સર્મથકો સાથે કેસરિયો ખેસ ધારણ કર્યો

પ્રાંતિજ-તલોદ વિધાનસભા ના કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા કોગ્રેસ પાર્ટી માથી નારાજ થઈ તેવો કોંગ્રેસ નો સાથે છેડો ફાડી ભાજપ મા જોડાવા હોવાનુ રવિવાર ના રોજ માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે લઘુરુદ્ર બાદ તેવોએ પોતે જાહેરાત કરી હતી અને ૨૨ મી સોમવાર ના રોજ પ્રાંતિજ માર્કેટયાર્ડ થી તેવોએ વાજતે ગાજતે ડીજે સાથે તેવાના સાથી કાર્યકરો હોદેદારો તથા સર્મથકો સાથે મોટી સંખ્યા કમલમ ખાતે પોહચ્યા હતા અને કમલમ ખાતે પણ તેવોનુ ઢોલ નગારા સાથે

વાજતે ગાજતે સ્વાગત કરવામા આવ્યુ હતુ અને ત્યારબાદ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ના હસ્તે મહેન્દ્રસિંહ બારૈયાએ કેસરિયો ખેસ ધારણ કર્યો હતો તો તેમણી સાથે ગયેલ ૧૨૫ કોંગ્રેસ કાર્યકરો હોદ્દેદારો સહિત સમર્થકોએ પણ કેસરીયો ખેસ ધારણ કર્યો હતો તો મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા કેસરિયો ખેસ ધારણ કરી જણાવ્યુ હતુ કે વિકાસ સાથે જોડાયો છુ અને વિકાસ ના ધરમા પ્રવેશ કર્યો છે અગાઉ હુ કોંગ્રેસ મા ધારાસભ્ય હતો તો પણ તે વખતે મોદી સાહેબ , આનંદીબેન સરકાર હતી અને વિકાસ ના કામો માટે પક્ષ જોયા વગર વિકાસ ના કામો માટે હુ કોંગ્રેસ નો હોવા છતાંય મારા વિસ્તાર ના વિકાસ ના કામોમા જોડાયા હતા અને હાલ પણ વિકાસ જોવા મળતા મે વિકાસ ને મારા કાર્યકરો અને સાથી મિત્રો સાથે વિકાસ ને પ્રસંદ કરી ભાજપ મા જોડાયો છુ અને પક્ષ મને જે કામ આપશે હુ કાર્યકર ની જેમ વિકાસ ના કામમા જોડાઈશ તો આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ કાયદા મંત્રી વી.ડી.ઝાલા , જિલ્લા પ્રમુખ જેડીપટેલ સહિત જિલ્લાના ધારાસભ્યો સહિત ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા.

બાયડ ગામમાં ભવ્ય ગણેશ મહોત્સવ ઉજવવાની તડામાર તૈયારીઓ શરૂ

બેન્ડ વાજાની સુરાવલી વચ્ચે શોભાયાત્રા નિકળશે, ૨ ગજરાજ આવે તેવી પણ સંભાવના : વરસાદના વિઘ્નને ધ્યાને રાખી વોટરપ્રૂફ સમીયાણો બંધાશે : બાયડ ગામ ગણેશ યુવક મંડળમાં અનન્ય ઉત્સાહ

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૨

અરવલ્લીના ખ્યાતિ પ્રાપ્ત બાયડ ગામમાં ભવ્ય ગણેશ મહોત્સવ ઉજવવાની બાયડના ગણેશ યુવક મંડળો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ વર્ષે સારો વરસાદ અને ધંધા-રોજગારમાં પણ તેજી હોવાથી ગણેશ મહોત્સવ દૈદિપ્યમાન બની શકે છે. બેન્ડવાજાની સુરાવલી વચ્ચે ગણેશ મહોત્સવ પ્રસંગે વિશાળ શોભાયાત્રા નિકળશે અને ૨ ગજરાજ પણ શોભાયાત્રામાં સામેલ થાય તેવી સંભાવના છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી, ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા પ્રમુખ પ્રશાંત કોરાટને બાયડના ગણેશ મહોત્સવમાં પધારવા હાર્દિક નિમંત્રણ પઠવાયાં છે. વિઘ્ન હર્તા દેવ ભગવાન ગણેશજીના મહોત્સવને આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરોનાના કારણે ગણેશ મહોત્સવના પ્રસંગો ધામધૂમથી ઉજવાયા ન હતા પરંતુ હવે કોરોનાનું સંક્રમણ કાબુમાં આવ્યા પછી સમગ્ર અરવલ્લી જિલ્લો ગણેશમય બની જાય તે પ્રકારે દરેક ગામ અને શહેરી વિસ્તારોમાં ગણેશ

મહોત્સવના આયોજન થયા છે. બાયડ ગામ ગણેશ યુવક મંડળના જીગર એસ. પટેલ, રવિ પટેલ, ધનરાજ પટેલ, હાર્દિક પટેલ સહિતના સમગ્ર યુવાઓની ટીમ દ્વારા આ વર્ષે બાયડ ગામ પરબડી ચોકમાં ભવ્ય ગણેશ મહોત્સવના આયોજન માટે છેલ્લા એક મહિનાથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં બાયડ ગામના ગણેશ મહોત્સવની એક આગવી ઓળખ રહી છે. ત્યારે આ વર્ષે પણ બાયડ ગામના ગણેશ મહોત્સવને યાદગાર બનાવવા માટે યુવા ટીમ કામે લાગી છે. વિશાળ ગણપતિની મૂર્તિ લાવવા માટેની તૈયારીઓ પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. અત્યાર સુધી ડી.જે.ના તાલે ગણેશ મહોત્સવ દરમ્યાન શોભાયાત્રા યોજાતી હતી પરંતુ પ્રથમવાર બેન્ડવાજાની સુરાવલી વચ્ચે ગણેશ મહોત્સવ નગરની શોભા વધારશે. જ્યારે પ્રથમવાર શોભાયાત્રા દરમ્યાન બે ગજરાજને પણ સામેલ કરવા માટે આયોજકો દ્વારા પુખ્ત વિચારણા ચાલી રહી છે. આ વર્ષે બાયડ ગામના ગણેશ મહોત્સવમાં ઉજવણી દરમ્યાન ૨૫ હજારથી વધુ લોકો દૂંદાળા દેવના દર્શન કરી ધન્ય બનશે.

૨૦ થી ૪૩ ઈંચ સુધીનો ખેતી માટે પ્રાણઘાતક વરસાદ

જિલ્લામાં વરસાદની હેલી પછી ઉઘાડ નિકળ્યો, ખેડૂતો ખેતી કામમાં પરોવાયા

સતત વરસાદથી અનેક વિસ્તારોમાં ખરીફ વાવેતરને માઠી અસર

બાયડ (બૂરો ઓફિસ), તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદની હેલી પછી પાછલા ૨૪ કલાકથી ઉઘાડ નિકળતાં ખેડૂતોને ખેતી કામ આરંભ્યાં છે. ખેતરમાં

દવા છંટકાવ, નિંદામણ સહિતની કામગીરીથી ખેતસીમાડા ધમધમી રહ્યા છે. વરસાદ થંભી ગયા પછી પણ અનેક ખેતરો બેટમાં ફેરવાયેલાં છે જેથી ખરીફ વાવેતરને માઠી અસરની શરુઆત થઈ છે. જિલ્લામાં ૨૧ ઑગષ્ટ સુધીમાં ૧૪ તાલુકામાં ૨૦ થી ૪૩ ઈંચ સુધીનો ખેતી માટે પ્રાણઘાતક વરસાદ વરસ્યો છે. જિલ્લાના ઈડર અને વડાલીમાં સૌથી વધુ ૪૩ ઈંચ વરસાદ ખાબક્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે ગત વર્ષની સરખામણીએ એકંદરે સારો વરસાદ વરસતાં ૩.૫૩ હેક્ટરથી વધુ જમીનમાં ખરીફ પાકનું વાવેતર થયું હતું પરંતુ જુલાઈ પછી ઑગષ્ટ માસ પછી પણ વરસાદની સતત હાજરીથી ખરીફ વાવેતરને ફાયદા કરતાં નુકસાન વધુ થતું હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. ઉત્તર ગુજરાતમાં અપર એર સરક્યુલેશન હાવિ થયા પછી અનેક વિસ્તારોમાં આભ ફાટ્યું હોય તેમ ધોધમાર ૩ થી ૭ ઈંચ વરસાદ વરસતાં ખેતરો બેટમાં ફેરવાઈ ગયા, હજારો ચેકડેમ અને તળાવ છલકાવવાની સાથે ખાલીખમ જળાશયોમાં આખા વર્ષ માટે સિંચાઈનાં પાણી આપી શકાય તેટલો પાણીનો જથ્થો સંગ્રહીત થયો છે. ખેડૂતો હવે વરસાદ થંભી જાય તેની રાહ જોતા હતા. જન્માષ્ટમીના દિવસથી વરસાદનું જોર ધીમું પડ્યું અને ત્યાર પછી ઉઘાડ નિકળતાં ખેડૂતો ખેતરમાં ખેતી કામમાં જોડાયા છે જેના કારણે બંન્ને જિલ્લાના ખેતસીમાડા ખેડૂતોની ખેતમજૂરો સાથેની હાજરીના કારણે જીવંત લાગી રહ્યા છે. અવિતરણ વરસાદના કારણે મગફળી, કપાસ, મકાઈના પાકમાં રોગચાળાની શરુઆત થઈ છે તો કેટલાક વિસ્તારોમાં કપાસના પાકમાં સુકારાનો રોગચાળો હાવિ થઈ જતાં કપાસ પકવતા ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

જિલ્લામાં વરસાદ.....

તાલુકો	વરસાદ (ઈંચમાં)	તાલુકો	વરસાદ (ઈંચમાં)
હિંમતનગર	૪૦	વિજયનગર	૩૮
ઈડર	૪૩	બાયડ	૨૦
ખેડબ્રહ્મા	૩૧	ભિલોડા	૩૫
પોશીના	૩૯	ધનસુરા	૩૬
પ્રાંતિજ	૨૧	મેઘરજ	૩૫
તલોદ	૨૩	માલપુર	૨૦
વડાલી	૪૩	મોડાસા	૨૯

શામળાજીના અણસોલ ગામની ઘટના

જીવતા'તો રસ્તો ન આપ્યો, મર્યા પછી તો આપો, ડાઘુઓએ જીવ પડીકે બાંધી અંતિમયાત્રા યોજી

હે લેણું દેણુ લખ્યું લલાટે, લેણું દેણુ લખ્યું લલાટે, અહીં નું અહીં દેવાનું રે....

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં વિકાસની વાતો વચ્ચે કેટલીય વાર વરવી વાસ્તવિકતા છતી કરતા દ્રશ્યો સામે આવતા હોય છે પણ આવી વાસ્તવિકતાને ક્યારેય બદલવાનો પ્રયાસ કેમ કોઈ કરતું નથી તે સવાલ છે. વિકાસની મોટી મોટી વાતો થાય છે અને તેનું અમલીકરણ કરવામાં આવે ત્યારે માત્ર સફેદ કાગળ પર કરી દેવાય છે, પણ તેની અમલીકરણ જમીની સ્તર પર ક્યારેય નથી થતું તેવું એક ઉદાહરણ દર્શાવતો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક મૃતક વ્યક્તિને સ્મશાને જવામાં પણ ઘટી યાતનાઓ વેઠવી પડી રહી છે.

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારો હજુપણ વિકાસના વાટ જોઈને બેઠા છે કારણ કે, આદિવાસી વિસ્તારમાં હજુ પણ તંત્ર દ્વારા વિકાસ પહોંચાડવામાં નથી આવ્યો જેથી કેટકેટલી યાતનાઓ ભોગવવા ભિલોડા તાલુકાના લોકો મજબૂર બન્યા છે. શામળાજી નજીક આવેલા અણસોલ ગામ મેશ્વો નદીના બે કાંઠે આવેલું છે અને જ્યારે ચોમાસાનો સમય આવે ત્યારે એક ગામના અઢીસોથી વધારે પરિવારોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને કોઈ વ્યક્તિ બિમાર હોય અથવા તો મૃત્યુ થયા પછી અંતિમધામ લઈ જવા માટે નદીના ધસમસતા પ્રવાહને ચિરીને જવું પડે છે અને તે પણ જીવના જોખમે. આવી કપરી પરિસ્થિતિમાં ડાઘુઓ મૃતક વ્યક્તિના અંતિમ સંસ્કાર કરવા જઈ રહ્યા છે એટલું જ નહીં ડાઘુઓ પોતાનો જીવ બચાવવા માટે હાથમાં ટાયર-ટ્યુબ પણ સાથે રાખી રહ્યા છે, જેથી આપાતકાલ જેવી સ્થિતિમાં પોતાનું રક્ષણ કરી શકે.

આઝાદીના સાત દાયકા વીતી જવા છતાંપણ હજુ અધિકારીઓ અહીં આવવાનું નામ નથી લેતા અને જો આવે તો તેઓની સમસ્યાઓનો સામનો કરવો પડે અને આ સામનો કરવાની તેમની પાસે હિંમત નથી. ઘણાં સમયથી મેશ્વો નદી ઉપર બ્રિજ બનાવવાની માંગ ટલ્લે ચઢી છે પણ તેમની માંગ ક્યારે સંતોષવામાં આવશે તે કહેવું મુશ્કેલ છે.

સરકાર કરોડો રૂપિયા વિકાસ માટે ગ્રાન્ટ આપતી હોય છે પરંતુ આ ગ્રાન્ટનો સદુપયોગ કમ થતો નથી, કેમ જરૂરિયામંદ લોકો સુધી વિકાસ નથી પહોંચતો, ગ્રામ્ય વિસ્તારોમાં કેમ પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે આવા અનેક સવાલો ઉઠી રહ્યા છે. આવી રીતે પ્રેતાત્માને તેના અંતિમધામ સુધી લઈ જવામાં કેટકેટલો પરિશ્રમ કરવો પડશે અને ક્યાં સુધી આવા સવાલો અગ્નિનમાંથી નિકળતા ધુમાળાની જેમ અદ્રશ્ય થઈ જાય છે.